**માંડલના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.તા. માંડલ, જી. અમદાવાદ**

**રેગ્યુલર દીવાની દાવા નં. ૨૮૨/૨૦૧૬**

**-:આંક- ૧ નીચે હુકમ :-**

---

વાદીએ હાલનો દાવો ડેક્લેરેશન તથા કાયમી મનાઈ હુકમ મેળવવા દાખલ કરેલ છે. હાલનું કામ મીડિએશન ખાતે રીફર કરવામાં આવેલ જ્યાં પક્ષકારો વચ્ચે સમાધાન થતા પક્ષકારોની સહી વાળી અસલ સમાધાન પુરસીસ મીડિએશન સેન્ટરથી આવેલ પરંતુ ત્યારબાદ પક્ષકારો અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતા તેઓ દ્વારા સદર કામે **આંક-૪૩** થી સમાધાન અંગે કરારદાદ પુરશીશ રજૂ કરવામાં આવેલ છે. જે કરારદાદ પક્ષકારોને વાંચી સંભળાવી સમજાવવામાં આવેલ છે. જે કરારદાદ પક્ષકારોએ પોતાની સ્વેચ્છાએ, રાજીખુશીથી, કોઈના દાબ દબાણમાં આવ્યા વગર હોવાનું કોર્ટ રૂબરૂ જણાવેલ છે અને તેઓ કરારદાદ કબુલ મંજુર રાખતા હોવાનું જણાવે છે. જેથી સદરહું પુરશીશ આધારે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::- હુકમ -::**

1. **આંક-૪૩** થી રજૂ થયેલ કરારદાદ મુજબ હાલનો દાવો ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.
3. હુકમ મુજબ હુકમનામું દોરવું.
4. નિયમ અને કાયદા મુજબ કોર્ટ ફી રિફંડ પ્રમાણપત્ર વાદીના નામનું ઈશ્યું કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ: ૧૪ માહે: ૦૩ ,સને: ૨૦૨૬ ના રોજ યોજાયેલ નેશનલ લોક અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬

માંડલ.

**(હિતેશકુમાર રમેશચંદ્ર પટેલ)**

પ્રિન્સીપલ સિવિલ જજ, માંડલ, અમદાવાદ (ગ્રામ્ય)

Judge Code: **GJ01731**